શનિશ્ચર દેવતાની

કથા અને.

नवग्रह स्तोत्र, आने, मंगल स्तोत्र

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.

આવૃત્તિ બીજી—પ્રત ૨૦૦૦

અમદાવાદ.

અમદાવાદ " ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ "

સંવત ૧૯૫૯ સને ૧૯૦૩

શનિશ્ચર દેવતાની કથા પ્રારંભ.

શ્રી ગણેશાય નમઃ શ્રી શારદાયનમઃ અથ શ્રી શનિશ્ચર દેવતાની કથા લિખ્યતે.

ચોપાઈ. ઉજેણી નગરી નિરધાર, વિક્રમાજીત વસે તે ઠાર; શનિશ્ચર પીડા પામ્યો બહુ, સાંભળજો (તે) વિસ્તારી કહું. એક સમે ઇંદ્રરાજા જેહ, સભા પૂરીને બેઠો તેહ; નવગ્રહ દેવતા ત્યાં આવિયા, ઈંદ્રદેવ ત્યાં ઉભા થયા. મન ચિંતવન માંડયુ સાર, કેમ આવ્યા તમો કહો નિરધાર; ત્યારે નવગ્રહ (દેવતા) બોલ્યા વાણ, સાંભળો ઇંદ્રજી ચતુરસુજાણ, મન વિચારીને ઘાટજ ઘડો, નવે ગ્રહોમાં કોણ છે વડો. તેત્રિસ ક્રોડ દેવના તમે રાય, તમો વિના કોણ કરશે ન્યાય. ત્યારે ઈંદ્ર એમ બોલ્યા વાણ, સાંભળો ગ્રહ તમે ચતુરસુજાણ, મૃત્યુલોકમાં જાઓ સહુ કોય, તિહાં તમારો ન્યાયજ હોય; ઉજેણીમાં છે રાય વિક્રમ તેજ કરશે તમારો ન્યાય, ધર્મ સત્ય પાળે છે રાય, ધૈર્યવંત શીળવંત કહેવાય; પરદુઃખભંજન રાજા એહ, ન્યાય તમારો કરશે તેહ. નવગ્રહ દેવ ત્યાંથી ચાલિયા, નગર ઉજેણીએ આવિયા; સભા પૂરી બેઠા છે રાય, વિક્રમાજીત રાજા કહેવાય. નવગ્રહ દેવતા દીઠા જિહાં, રાજા અચરજ પામ્યો તિહાં. દેવ. વિમાન આવે છે એહ, તે શું કારણ દીસે તેહ. નવગ્રહ બોલ્યા તેણી

વાર, વિક્રમ ન્યાય કરો આ સાર. ત્યારે રાજા બોલ્યા વાણ, તમો દેવ હુ મનુષ્ય પ્રમાણ. ન્યાય તમારો અમથી ન થાય, એવું બોલ્યા વિક્રમ રાય; ત્યારે નવગ્રહ બોલ્યા વાણ, પરદુઃખભંજન રાજા જાણ. અમને ઇંદ્રે કહ્યું છે એમ, વિક્રમ ન્યાયજ કરશે તેમ; વિચાર કરે છે એવો રાય, આઠમે દીવસે કરશું ન્યાય. એવી રાજા બોલ્યા વાણ, નવગ્રહ દેવ ગયા નિજ ઠાણ; રાજાએ વજીર તેડાવિયો, કરી સલામને ઉભો રહ્યો; રાજા પ્રધાન બેઠા મળી, નવગ્રહ દેવની વાતજ કરી. કહો ન્યાય કેણી પેરે થાય, સમજીને કંઇ કરો ઉપાય; નવ આસન સોનાના ઘડયાં, માણેક હીરા મોતી જડયાં. ઉતરતાં માંડયા તેણીવાર એવો ઠરાવજ કીધો સાર, આઠ દિવસ સાં પુરા થયા, આદીત સોમ મંગળ આવિયા; બુધને વળી બ્રહસ્પતી તેહ, શુક્ર રાહુ કેતુ આવ્યા તેહ. શનિશ્ચર છેલ્લો આવ્યો જદા, સિંહાસન પર બેઠો તદા. દોહરો. ત્યારે સનિશ્ચર બોલિયો, સાંભળ વિક્રમ રાય; આઠ દિવસ પુરા થયા હવે કરો અમ ન્યાય ત્યારે રાજા બોલિયો સાંભળ શનિશ્ચર રાય, ન્યાય તમે હાથે કર્યો, જેમ આવ્યા તેમ જાય. અમ વિચાર દોષ કાંઇ નહી, રૂડો કીધો ન્યાય; છેલ્લા આવ્યા તમે અહીં, (૯) સહુને લાગુ પાય ત્યારે શનિશ્વર બોલિયો તેં રાં [illegible] ન્યાય ન્યાય ફરી રાજન કરો, જેમ પરમારથ થાય. સહુ [illegible] કહે આવિયો, તેથી ન એ તુજ ધર્મ, ન્યાયજ [illegible] તું અમતણો [illegible] સાચો મન

ચોપાઇ તવ તે બોલ્યા વિક્રમ રાય, થયો ન્યાય તે ફરી નવ [illegible] તા મે તમારે જાણો [illegible], [illegible] અમ [illegible] ન સારઃ તવ શનિ [illegible] બોલ્યો [illegible]. અવગુણનાં [illegible] દેખાડિશું. નવગ્રહ દેવ

ગયા નિજ ઠામ, શનિશ્ચર કેડે થયો વિરામ; બારમી રાશે આવ્યો જદા, દુઃખરાયને દીધું તદા; વિમાન થકી હેઠો ઉતર્યો. તે દિવસથી રાજાને થયો.

દોહરો. સોદાગરનું રૂપ ધરી, હાથે તુરંગ સાર; સોના કેરી સાંકળે, આવ્યો રાજદ્વાર. સભા સહુ મન હરખિયાં, અશ્વને આણો પાસ, સોદાગરને પૂછીયું, (એનુ) મૂલ કહો તમે ખાસ, ત્યારે સોદાગર બોલિયો, સાંભળ રાય સુજાણ. ગાય ભેંશ દોહી લીજીએ, નાણું પરખી જાણ; ઘોડા સ્વારી કરી લીજીએ, એ તુરંગ પરમાણ. ઘોડા જુઓ તમે ફેરવી, (પછી) મૂલ કરૂં હુ જાણ, રાએ સેવકને કહ્યું, થાઓ તમે અસ્વાર; ચોકડું ઘાલી ફેરવો, જુઓ તુરંગનો સાર. તવ સોદાગર બોલિયો, થાઓ તમે અસવાર; ભલી રીતે જુઓ પારખું. રાય થયા અસવાર. એક ફાળ બાજી સહી, ત્રીજી મેહેલી જાણ, અડતાલીશ જોજન લઈ ગયો, રાત પોહોર પરમાણ. અધીરવન નામ જેનુ, મહા ભયંકર સોય, વાઘ સિંહ ચિત્રા બહુ, પંખી શબ્દ બહુ હોય. ચોપાઈ. ત્યારે રાય વિચારે વાત, આનો કાઈ થયો ઉત્પાત, ઘોડો સોદાગર બન્ને નહી, આ તો સ્વપના સરખુ સહી રાજા મન વિમાસણ થાય, પ્રભુ તણી લીલા કહેવાય, મારે વૈર કોઇ સાથે નહીં, કોણે મુજને આણ્યો હીં; એવી મન ચિંતવણી અડે, વડ ઊપર તો રાજા ચડે. [illegible]શા નિહાળે આપ, ધૂમર દીઠો પુરૂં પ્રતાપ; તેણી દિશા રાજા સંચર્યા, વડ થકી હેઠો ઉતર્યો. મારગ ચાલ્યો પાધરો હામ, ત્ર[illegible]ંબાવતી પુરી આવ્યું ગામ; જ્યાં છે ઉડણશાહાનું ધામ. રાજા જઈ ત્યાં રહ્યો વિશ્રામ. આવી ત્યાં બેઠા રાજન, મન પોતે

હરખ્યો મહાજન; રાય ચરણ પ્રતાપે બહુ, શેઠનો માલ વેચાણો સ-હુ. તેથી લાભ ઘણેરો હોય, શેઠનો મનમાં હરખ્યો સોય; કરમવંત નર દીસે સાર, માલ ખપ્યો ને લાભ અપાર. શેઠની પુત્રી આવી હાટ, જમવા ચાલો જુવે છે વાટ; શેઠ વળતો બોલ્યો વાણ, જમવા ચા-લો ચતુરસુજાણ. તવ રાએ તેને ના કહી, પછી મન વિચાર્યું સ હી; ભોજન લક્ષ્મી પરહરિયે કેમ, એ વાતે નહિ મારો નેમ. એવું ચિત્ત વિચારી રાય, રાજા શેઠને ઘેરજ જાય, શેઠાણી અતિ રૂપ નિ-ધાન, અતિ સુંદર દિધાં સન્માન; શાક દાળ ધૃત શુભ અંન, આરો-ગી ઉઠયા રાજન. પાન સોપારી આપ્યાં તિહાં, દંપતિ તે રળિ-આતજ થયાં; અકાંતે મેડી ત્યાં સાર, ચિત્રામણનો છે નહી પાર. ત્યાં રાજા પોહોડયા નિરધાર, દુકાને શેઠ ગયો ત્યાં સાર; થયો રાજા સુખીયો ત્યાંય, આં બીજું કૌતક એક થાય. ખીંટીએ પોતે ભરાવ્યો હાત, રાજા કાંઇ નવ જાણે વાત; કુંવરીના ઓરડાની માંહ, રાજા પોહોડયો હતોજ ત્યાંય, હીંડોળે ત્યાં હીંચે રાય, પાન સોપા રી લવીંગ ખાય; સુખ ભોગવતાં દીઠા જાહરે, શનિ વિમાન આવ્યું તાહરે. ચોભાણો શનિશ્ચર તે ઠાર, રાજાએ દીઠો તેણી વા-ર; શનિ કહે મેં દુઃખ દીધું સાર, શનિએ પોતે કર્યો વિચાર; ચિ-ત્રામણનો હંસ છે જેહ, તેમાં શનિશ્ચર પેઠો તેહ. ઠમક ઠમક-રતો ચાલિયો, હંસે આવી હારજ લીયો; ગળ્યો હાર મોતીનો વડો, દેખી રાજા અચરજ પડયો. આ વાત કોને કહેશું જઇ, તે તો કો-ઇજ માને નહીં; એ ચોરી શીર મારે ઠરે, બેઠો રાય વિચારજ કરે. ત્યારે કુંવરીએ મોકલી કીંકરી, હાર લેવા વેગે પરવરી; ત્યારે હાર ત્યાં દીઠો નહિં, રાજા હાર ગયો તે કહી. રાજા કહે નવ જાણું

અમો. હારની વાત જે કહોછો તમો; દાસી પાછી આવી તિહાં, શેઠ કુંવરી બેઠી છે જિહાં. બાઇ હાર તો દીઠો નહીં, પાછાં બેહુ જણ આવ્યાં તહીં; હાર અમારો આપો તમો, વારે વારે કહું છું અમો. તાતને સંભળાવિશું જઇ, હાર અમારો રેહેસે નહી, રાજા કહે નવ જાણું અમો, મનગામે તે કરજો તમો. દાસી ત્યાંથી તેડવા ગઇ, વળતા શેઠ ત્યાં આવ્યા સહી; શેઠ કહે આવીને સાર, કુંવરી હાર આપો નિરધાર. રાજા કહે નવ જાણું અમો, હારની વાત જે કહોછો તમો; શેઠ કહે આપો નિરધાર, નહિં તો દુઃખ પામશો ઇણી ઠાર. નગરરાય જો જાણે સહી. માર્યા વિના તે મૂકે નહીં; એમ કહીને બાંધ્યો સાર, રાજાને સોંપ્યો તેણી વાર, નગરરાયતો બોલ્યો સહી. હાથ ચરણ તો કાપો અહિં, હાથ પગ ત્યાં કાપ્યા નિરધાર; રાજા દુઃખ પામ્યોજ અપાર, ગાંગા ઘર પછવાડે જઇ, ચોરને ત્યાં નાંખ્યો સહી, ગાંગો તેલી કરે વિચાર; ભુખ્યો ચોર એહે નિરધાર, જળ અંન કોઇ આપે નહીં. સ્ત્રિની આગળ વાતજ કહી, એને આપણે રાખીએ અહીં; ધાણી ફેરવશે એ સહી, નારી બોલવા તત્પર થઇ. રાજાનો ચોર રાખીએ નહી, રાજા જાણે તો ઘર લુટી લે; પછી આપણી કોણુ તપાસજ લે, માટે જાઓ તમે રાયની પાસ. રાજા દિયેતો લાવો આવાસ, ગાંગો તેલી ત્યાંથી સંચર્યો; રાજાને જઇ પ્રણામજ કર્યો, ગાંગો કહે રાજા દો તમે. ત્યાએ ચોરને ઘેર રાખું અમો, અંન વસ્ત્ર આપીશું સાર; ધાણી ફેરવશે નિરધાર, સાચ વિચારી બોલ્યો વાણ. ફંડ હશે તે દીધે જાણ, એવી રાજાએ દીધી આજ્ઞા; ગાંગો આવ્યો ચોરની પાસ, અંન વસ્ત્ર આપીશું અમો. જો ધાણી ફેરવશો

નમો, ત્યારે રાજા ત્યાહાં ભણે; ગાગો લાગ્યો ઘેર આપણે, હાથે પરોણો બાંધ્યો સાર, ત્યાં ધણી ફેરવે રાજકુમાર, દિવસે કામ કાજ કરતો જાય, નિશાએ ગીત મધુરાં ગાય; રંગ રાગ રાજા બહુ કરે. ગોખેથી (રાજ)કુંવરી શ્રવણે ધરે. તેણે દાસી મોકલી તિહાં, ગાગા તેલીનું ઘર છે જિહાં; કોણ રાગ આલાપે અહી. તે તેલીને પુછવું જઇ. ત્યારે ગાંગો બોલે સહી, રાગ તો ચોર આલાપે અહી; દાસી ત્યાંથી પાછી ગઇ, અરે કુંવરી શું મોહી રહી. કરે ગાન તે ચોરજ સહી, હાથ પગ તો જેને છે નહી; વર બી જો એવો જે રાય, તેને પરણતાં તે શું થાય.

દોહરો—ત્યારે કુંવરી બોલીયાં, એ મારો ભરતાર; કરમે લખ્યોજ તે મળ્યો, જે દીધો કીરતાર, બીજો વરવા આખડી, સુણ સખી તું વાણ; પિતાજી જો ના કહે, તો હું તજીશ પ્રાણ. ત્યારે દાસી એમ કહે, એ શું બોલો વાણ; વર કુલીન પરણાવશું, હશે જે ચતુર સુજાણ. ચોપાઇ. જા દાસી તું વેગે સહી. તાત માગો બેઠા છે તહીં, જઇને ત્યાંય કહેજો વાત, ચોર વર માગે વિખ્યાત, ત્યારે વિમમ ગઇ રાયની પાસ, શીશ નમાવી બોલી દાસ, કુવરી વર તો માગે એક; હાથ ચરણ કાપ્યા જેહ. દોહરો. ત્યારે રાજા બોલીઓ, એ શું બોલી બાળ; રૂડો વર તો જોઇ કરી. પરણાવશે ભૂપાળ. ત્યારે દાસી બોલી તે, પરણાવો [illegible] એહ, ના કહેશો તો રાયજી, કુંવરી તજશે દેહ.

ચોપાઇ. ત્યારે રાજા બોલ્યો સાર, ગાંગા ઘેર જાઓને નાર; જઇને ચોરને લાવો અહીં, વિગમ ત્યાંથી તેડવા ગઇ, તેલીને ઘેર આવી નાર, સાંભળ ગાંગા કહું વિચાર, ચોરને તેડે છે મહારાય, તે

માટે તમને કહું ભાય. ત્યારે તેલણ બોલી ઇશુ, કુંવરી કામ કરશે નહી કશુ; જઇ રાજાને સોંપો આજ, આપણે નથી કાંઇ એનુ કાજ. મન માને તે કરશે સાર, પરણાવે કે મારે ઠાર; ઘડીયાં લગ્ન લીધાં જ્યાં રાય, જોશીએ નહિ કહયો ઉપાય, મેળાપ આવ્યો તેણીવાર, કુંવરીને ત્યાં તેડા સાર; હાથેવાળો મેળવ્યો સહી, ચોરને તેત્યાં હાથજ નહી; વળતો ચોર બોલ્યો તેણીવાર, હાથ ચરણ તમે લીધા સાર. દિન એની અવધ છે સહી, તે માટે તમે જુઓ અહી; બારમી રાશે શનિશ્ચર છે એહ, ત્રીજી રાશે આવશે તેહ. ત્યારે મને હાથ પૈદા થાય, સાંભળજો નગરના રાય, શનિ વિમાન જતુ હતું તિહાં, દેખીને થોભાવ્યુ તિહાં, શનિશ્ચર હેઠો ઉતર્યો, તે રાજાએ દીઠો ખરો. શનિશ્ચર આવ્યો તેણીવાર, હાથ પગતો દીધા સાર. રાજા રૂપ ત્યાં સુંદર થયું, નગર લોક સહુ મોહી રહ્યું. કુંવરી ફેરો બાપ છે જિહાં, વધામણીઆ આવ્યા તિહાં, સુણી રાય રળીઆતજ થયો, જોવાને વેગે આવીઓ. દેખી રાયને અચરજ થાય, જોશીને તવ પુછે રાય; લગ્ન મુહુરત તે રહેવા દિઓ, ફરી લગ્ન નિરધારી જુઓ. વિપ્ર કહે સાંભળજો રાય, લગ્ન મુહુરત પાછું નવ થાય, ત્રણ સાત દિવસમાં જેહ, એવું ઉત્તમ લગ્ન છે તેહ. દોહરો–લગ્ન મુહુર્ત તે રાખીયું, થયાં સરવ રળિયાત; વાજીંત્ર સરવે વાજીયાં, મંડપ થયો ઘેઘાટ. શી મંડપ રચના કહું, કહેતાં ન આવે [illegible] કૃતિ તે ક્રમ વરણવું. મુખમાં જીભ્યા એક. નગર લોક અન્ન સાજન, રાણીને વળી રાય, તરીયા તોરણ બાંધીયા, બંદીજન બહુ ગાય; ચમર ઢોળે ચોપાસથી, બેઠા હેમાસન રાય; માનુનીઓ સૌ મળી, ધોળ સુમંગળ ગાય; વાજીંત્ર સરવે વાજિયાં, જોવા

સરખી જોડ, સાસુ સરવે હરખીયાં, પોહોત્યા મનના કોડ. વરરાજા શણગારીયા, સાસુ પોંખવા જાય, મોડ શિરપર શોભિતો, ચોસઠ ભ- ગરીમાંય. પાટ પેહેરયા પચરંગી વળી, લાંમણ દીવો હાથ; કુંકુમ તિલક બનાવીને, હેતે ઝાલ્યું નાક, પાટ ધાલીને કોટમાં, દીધું કન્યાદાન, હાથેવાળો મેળાવીયો. વિપ્ર કહે સાવધાન, મંગળ ફેરા ફેરવ્યા, ભક્ષ કર્યું તતકાળ, પરણી ત્યાંથી ઉઠીયાં, આને સોંપી વરમાળ; ચરણે લાગ્યો ગોરને, સહુને દક્ષણા દીધ. જાચક જન સતોખીયા, આપી બહુ નવ નીધ; ગીંઢળ છેડા છોડીયા, ગોત્રજને લાગ્યાં પાય; કંકણ દોરા છોડી કરી, રાજા મોહોલે જાય, ખાટ ત- ળાઇ ઓશીકડાં, થઇ રંગની રેલ, રાજા રાણી હરખીયાં, આરોગ્યા તંબોળ; પ્રભાતે રાજા ઉઠીયા, આવ્યો સભા મોજાર. તવ રાજાએ પૂછીયું, તમ નામ કહોને સાર; નામ જો પુછો રાયજી, વીકો મારૂં નામ, ક્ષત્રી ધરમ પાળું સદા, કરૂં પરમારથ કામ. અહ દશાથી આવીયો, સાંભળજો તમે રાય; જે માંડયું છઠી તણું, કોઇથી ફેક નવ થાય. ચોપાઇ. ધનવંત શેઠ વિચારે મર્મ, જુઓ ચોરનું પ્રગટયું કર્મ. હાથ પગ એને અ.વિયા, કુંવરી રાજાની પરણીયા. એને મેં દુઃખ દીધું સાર, માટે દુઃખ દેશે નિરધાર; વળી વિચારી કરે છે વાત, જમવા તેડીએ રાય જમતા. આંનનો ગાર્યો ની ચું જુવે, લાકડીનો ગાર્યો સામું જુવે, ચિંતવીને તવ શેઠજ જાય, રાજસભામાં પોહોચ્યા ત્યાંય. કરી સલામને માગે માન, જમવા [illegible] આવો રાજન; સરવે સાથ વીકાજીને લઇ, પવિત્ર ધામ કરો એમ સહી; તવ રાજા કહે નહિ આવિયે, એવી વાત તું શાને કહે, કહે પ્રધાન સાંભળ મહારાજ, જમવા તોજાવું સહી આજ. શેઠ વચન મિ-

થ્યા નવ હોય, જમવા ચાલો સરવે કોય, નોતરૂં તવ તે માન્યું રાય, વીકા સાથે જમવા જાય. સરવે રાણીઓ સાથે લઇ, કુંવરી પાલખી- એ બેઠાં જઇ. શેઠ ઘેર આવ્યા સહુ કોય, આનંદ ઓત્સવ ત્યાં બહુ હોય; જમવા બેઠા સરવે સાથ, પીરસ્યા લાડુ ઉત્તમ પાક. ખાજાં જલેબી ઘેબર સાર, શાક તણો નવ લાધે પાર; શાક દાળ ઘ્રુત શુભ અંન, આરોગી ઉઠયા રાજંન. આપ આપણે સ્થાનકે ગયા, વીકોજી શેઠને ઘેરજ રહ્યા; શેઠ કહે વીકાજી સુણો, તમારો મહિમા અતિશે ઘણો. ગયા હાથ પમ આવ્યા સહી, એવી વાત કયાંય દીઠી નહી; આ ઓરડામાં તમો પોઢો સાર શેઠ ગયા મંદિર મોઝાર. રાજા ચાલી આવ્યો વાટ, પોઢયો જઇ હીંડોળા ખાટ; ચિ- ત્રામણનો હંસજ જેહ, રાજા સૂનો જુવે છે તેહ. આકાશ મારગે શનિશ્ચર જાણ, વિમાન ફરતું આવ્યું પ્રમાણ; જુવે તો રાજા સુખ ભોગવે, શનિશ્ચર હેઠે ઉતરે. રાજાએ દીઠો તેણીવાર, પ્રણામ કર્યો તવ વારંવાર; શનિશ્ચર વિચારે મન, ભલો ભલો વિક્રમ રાજન. કુ- લંક પ્રેઢ ઉતારૂં સાર, આ ઠેકાણું છે નિરધાર; ચિત્રામણનો હંસજ જેહ, તેમાં શનિશ્ચર પેઠો તેહ. ચિત્રામણનો હંસ ચાલીયો, ખીંટી આગળ ત્યાં આવીયો; ખીંટીએ હાર મૂકયો દયાળ, રાજાએ શેઠ તેડયો તત્કાળ, વીકાએ શેઠને તેડાવીયો, હારનો ચોરજ પેદા થયો; ચિત્રતણો હંસ હાર મુકે જદા; શેઠ અચરજ પામે તદા; વી[illegible] લાગે પાય, મેં એ કાંઇ નવ જાણ્યું રાય. અમ અપરાધ ક્ષમા કરો તમો, વારે વારે કહું છું અમો; તમને દુઃખ દીધું છે જેહ, ક્ષમા કરો અમ ઉપર તેહ. ત્યારે વીકાજી બોલ્યો વાણ, સાંભળો શેઠ કહું તે જાણ; ગ્રહ ગતથી પીડાણા અમો, કશું દુઃખ ન ધરશો તમો.


શરીરતણું છે કારણ એહ, દુઃખ પડે તે વેઠે દેહ; એમાં વાંક તમારો નથી, થઇ વાત લલાટે લખી. તવ તે શેઠજી લાગ્યો પાય, પુત્રી લેઇ પરણાવી રાય; શાહ પુત્રી સુલક્ષણી જેહ, સુખ ભોગવવા લાગી તેહ, ખાય પીયેને દિન નિરગમે, રાજા સાથે રંગે રમે. અતિ આનંદ રાજાને થયો, રાજકુંવરીને મેહેલે ગયો; રાજપુત્રી શાહપુત્રી જેહ, અતિ હેતથી મળીયાં તેહ. આપણો સ્વામી ચતુર સુજાણ, છબ્યાએ શું કરૂં વખાણ; એવો પુરૂષ નવ હોયે કોય, ભાગ્ય આપણે આવ્યો સોય. એમ કહી રળીઆતજ થાય, પાન સોપારી બીડા ખાય; રાજાનો સુખ ભોગવે ઘણું, હેત ઘણું બેઉ નારીતણું. હવે શનિશ્ચર આવ્યો તતકાળ, જયા બેઠો વિક્રમ ભૂપાળ; ત્યા આવી વિચારે મન, ઉજેણીમાં મેલું રાજન. ત્યારે શનિશ્ચર સોદાગર થયો. અશ્વ સાહીને ઊભા રહ્યા; સુવર્ણ સાજ પલાણે તુરી, હેમ સાંકળ બાંધી ધરી. તવ નગરરાયજી બોલ્યો એહ. કહો મૂલ ઘોડાનુ તેહ; ત્યારે સોદાગર બોલ્યો ત્યાહે, સાંભળજો રત્નસેન રાય. દોહરો. ગાય ભેંશ દોહી લીજીએ, નાણું પરખ્યા જાણુ; ઘોડો સ્વારી કરી લીજીએ, જુઓ રાય સુજાણ. પવન વેગી હોયે તુરી, તે બાંધ્યો કેકાણ; હુકમ થયો તવ રાયનો, રેવક ચઢયો નિરવાણ. સોદાગર કહે એમ નહી, ચઢે જોવિક્રમ રાય: એ ઘોડે બેસે સહી, તો મન પ્રસન્ન થાય. અહીં વિક્રમ તે ક્યાં થકી, કહે રતનસિંહ રાય, સોદાગર કહે એ સહી, વીકોજી કહેવાય. એ વિક્રમ અવંતીનો ધણી, સાંભળજે તું રાય; ચૌદ વિદ્યા ચોસઠ કળા, ગુણ તે અપરંપાર. રતનસેન ત્યાં ઉઠીયો, પગે પડયો વારંવાર; ધન્ય દિવસ ધન્ય આ ઘડી, દીઠા વિક્રમરાય. હોસે હરખે ઉઠીયો, લળી લળી લાગ્યો પાય;

૭૫૯

નવ જાણુતા અમે સહી, દીધું દુઃખ અપાર. તવ વિક્રમજી બોલીયા, વાંક નહી તમ સાર; કર્મે લખ્યું તે ભોગવ્યું, જે કિધુ કિરતાર.

ચોપાઇ. એમાં વાંક તમારો નહી, ગ્રહ દશાથી પીડાણા સહી, લખ્યું ભવિષ્ય આગળથી થાય, એમાં વાંક તમારો ન રાય. એમ કહી બંધાવ્યો તુરી, અમો ચાલશું ઉજેણી પૂરી; સાંભળો રતનસેનજી રાય, શીખ દીયો હવે નવ રહેવાય. રાજા તિહાં સજાઇ કરે, સોદાગર હેઠો ઉતરે; રાજપુત્રી રૂપવંતી જેહ, સામી બેઠી શોભે તેહ. શેઠ પુત્રી રતનવંતી જેહ, સુખાસન પર બેઠી તેહ: શેઠ રાય નગરનો જેહ, વળાવવાને આવ્યો તેહ. તવ વિક્રમ થયો અસવાર, સેન સકલ સાથે જુંઝાર; સોદાગર ત્યાં સાથે ચઢયો, તવ નગારે ગેડી પડયો; ઢોલ દદામા વાગે બહુ, વાજીંત્ર કરો પાર ન લહું; વિક્રમ રાય નિકળ્યો બહાર, બંદીજન સહુ કરે પોકાર. વિક્રમસેન ત્યાંથી પરવરે, નગર લોક વળાવી પાછાં ફરે; રતનસેન રાય લાગ્યો પાય, અમ ઉપર રાખજો કીરપાય. એમ કહીને પાછો સંચર્યો, વિક્રમસેન પથે પરવર્યો; દિન કેટલા મારગમાં થાય. ઉજેણીએ રાજા આવિયા. નગર લોક રંગિયાતજ થાય, રાણી બેશું આવ્યા રાય; રંગ મોહોલમાં રાજા ગયો, બે રાણીશું રાય સુખીઓ થયો. પ્રાતઃકાળે ઉઠયો રાય, સમુદ્ર પુર કીધી શોભાય; એવે તહાં શનિશ્ચર આવીયો, સભા સહિત રાય ઉભો થયો; ભલે પધાર્યા સ્વામ, ઘણા રળિયાત થયા છું અમો. એમ કહીને લાગ્યો પાય, સહુ સાથેશું બેઠા રાય. દોહરો. ત્યારે શનિશ્ચર બોલીયો, સાંભળ વિક્રમ સોય; અવગુણનાં ફળ પામીયા દુઃખી કીધો જોય, હવે જા તુંને હું તુઠીયો, માગ્ય માગ્ય વરદાન; જે માગે તે આપું

તુને, વચન કોલ પરમાણ. તવ વિક્રમ રાય બોલિયો, સુણો શનિશ્ચર જેહ; નરનારી જે સાંભળે, પીડા ન પામે તેહ. ચોપાઇ. હુ પીડા જે પામ્યો સહી, તે પીડા કોઇ ખમશે નહી; માટે શનિશ્ચર સાંભળો વાત. એવી પીડા નવ દેવી આપ. કહે શનિશ્ચર સાંભળો રાય, શનિવાર જે દિન કહેવાય, નરનારી જે સાંભળે (આ) કથા, તેને હું પીડું ન સર્વથા; સત્યપણું ગંભીરપણું જેહ, માહારી કથા કહીએ તેહ. એ કથા સાંભળ્યે પીડા ન હોય, ન્હાની કે વડી પનોતી હોય. સ્ત્રી દશ જે તાહારી કહેવાય, એને નગે પીડા નવ થાય, ધ-જની ધમની કંકની કંકાલી જેહ, કહલગી કહપ્રીયા કાલષની કહીએ તેહ. કલહોજ મુખી કંટકી તુરંગની નાર, રૂપ તણો નવ લહિયે પાર; શનિશ્ચરની દશ ભાર્યા સોય, નામ લીધે પીડા નવ હોય. એવું કહીને શનિશ્ચર જાય, દેવ સભામાં પોહોત્યો ત્યાંય: સુણે સંભળાવે તેને મહાસુખ થાય, ભણે ગણે તેનું દુઃખ જાય. વિક્રમ શનિશ્ચર તણી કથા જેહ, સંક્ષેપ માત્ર કહી મેં તેહ, તે માટે શ્રોતાજન તમો, જે જે રણછોડરાય સહુ કહો. ઇતિશ્રી શનિશ્ચર દેવતાની કથા સમાપ્ત.





अथ नवग्रहस्तोत्रम् ॥

श्रीगणेशायन नमः जपाकुसुमसंकाशं काश्यपेयं महाद्युतिम् । तमोरिं सर्वपापघ्नं प्रणतोऽस्मि दिवाकरम् ॥ १ ॥ दधिशंखतुषाराभं क्षीरार्णवसमुद्भवम् । नमामि शशिनं सोमं शंभोर्मुकुटभूषणम् ॥ २ ॥ धरणीगर्भसंभूतं विद्युत्कांतिसमप्रभम् ॥ कुमारं शक्तिहस्तं तं मंगलं प्रणमाम्यहम् ॥ ३ ॥ प्रियंगुकलिश्यामं रूपेणाप्रतिमं बुधम् । सौम्यं सौम्यगुणोपेतं तं बुधं प्रणमाम्यहम् ॥ ४ ॥ देवानां च ऋषीणां च गुरु कांचनसन्निभम् ॥ बुद्धिभूतं त्रिलोकेशं तं नमामि बृहस्पतिम् ॥ ५ ॥ हिमकुंदमृणालाभं दैत्यानां परमं गुरुम् ॥ सर्वशास्त्रप्रवक्तारं भार्गवं प्रणमाम्यहम् ॥ ६ ॥ नीलांजनसमाभासं रविपुत्रं यमाग्रजम् ॥ छायामार्तंडसंभूतं तं नमामि शनैश्चरम् ॥ ७ ॥ अर्धकायं महावीर्यं चंद्रादित्यविमर्दनम् । सिंहिकागर्भसंभूतं तं राहुं प्रणमाम्यहम् ॥ ८ ॥ पलाशपुष्पसंकाशं तारकाग्रहमस्तकम् । रौद्रं रौद्रात्मकं घोरं तं केतुं प्रणमाम्यहम् ॥ ९ ॥ इति व्यासमुखोद्[illegible] पठेत्सुसमाहितः । दिवा वा यादिवा रात्रौ विघ्न[illegible]भविष्यति ॥ १० ॥ नरनारिनृपाणां च भवेदुःस्वप्ननाशनम् ऐश्वर्यमतुलं तेषामारोग्यं पुष्टिवर्धनम ॥ ११ ॥ ग्रहन-

क्षत्रजाः पीडास्तस्करागिन्समुद्भवाः । ताः सर्वाः प्रशमं यान्ति व्यासो ब्रूते न संशयः ॥ १२ ॥ इति श्रीव्यासविरचितं नवग्रहस्तोत्रं संपूर्णम् ॥

ऋणमोचकमंगलस्तोत्रम्.

श्रीगणेशाय नमः ॥ मंगलो भूमिपुत्रश्च ऋणहर्ता धनप्रदः । स्थिरासनो महाकायः सर्वकर्मावरोधकः ॥ १ ॥ लोहितो लोहिताक्षश्च सामगानां कृपाकरः । धरात्मजः कुजो भौमो भूतिदो भूमिनंदनः ॥ २ ॥ अंगारको यमश्चैव सर्वरोगापहारकः । वृष्टेः कर्ताऽपहर्ता च सर्वकामफलप्रदः ॥ ३ ॥ एतानि कुजनामानि नित्यं यः श्रद्धया पठेत् । ऋणं न जायते तस्य धनं शीघ्रमवाप्नुयात् ॥ ४ ॥ धरणीगर्भसंभूतं विद्युत्कांतिसमप्रभम् । कुमारं शक्तिहस्तं च मंगलं प्रणमाम्यहम् ॥ ५ ॥ स्तोत्रमंगारकस्यैतत्पठनीयं सदा नृभिः । न तेषां भौमजा पीडा स्वल्पापि भवति क्वचित् ॥ ६ ॥ अंगारक महाभाग भगवन्भक्तवत्सल । त्वां नमामि ममाशेषमृणमाशु विनाशय ॥ ७ ॥ ऋणरोगादिदारिद्र्यं ये चान्ये ह्यपमृत्यवः । भयक्लेशमनस्तापा नश्यंतु मम सर्वदा ॥ ८ ॥ अतिवक्र दुराराध्य भोगमुक्तजितात्मनः । तुष्टो ददासि साम्राज्यं रुष्टो हरसि तत्क्षणात् ॥ ९ ॥

विरिंचिशक्रविष्णुनां मनुष्याणां तु का कथा । तेन त्वं सर्व-
सत्त्वेन ग्रहराजो महाबलः ॥ १० ॥ पुत्रान्देहि धनं देहि त्वा
मस्मि शरणं गतः । ऋणदारिद्र्यदुःखेन शत्रूणां च भयात्ततः
॥ ११ ॥ एभिर्द्वादशभिः श्लोकैर्यः स्तौति च धरासुतम् । म-
हतीं श्रियमाप्नोति ह्यपरो धनदो युवा ॥ १२ ॥ इति श्रीस्कंद
पुराणे भार्गवप्रोक्तं ऋणमोचकमंगलस्तोत्रं संपूर्णम् ॥

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

મુ. કેસેસર—અમદાવાદ.

કથાઓના પૂસ્તકો રાગણીમા

પુસ્તકોના નામ	કિ. રૂ. આ
ભારતસાર મોં (વલ્લભકૃત.)	૩—૦
ભારતસાર નાનું (દુરગાશંકર કૃત.)	૧—૧
પ્રલ્હાદ આખ્યાન (પ્રેમાનંદ કૃત.)	૦—૫
નળાખ્યાન (પ્રેમાનંદ કૃત.)	૦—
ધ્રુવાખ્યાન.	૦—૧
ઓખાહરણ નાનું (પ્રેમાનંદ કૃત.)	૦—
ચંદ્રાવો મોટો (વલ્લભ કૃત.)	૦—૫
ચંદ્રાવો નાનો	૦—૩
ગીરધર કૃત રામાયણ મોટું (શીલા છાપનું)	૩—૮
ગીરધર કૃત રામાયણ વચલા ટાઇપનું.	૧—૦
ગીરધર કૃત.	૦—૮
રામાશ્વમેધ (ગણપતરામ કૃત.	૧—૦
ગીરધરકૃત કૃષ્ણચરીત્ર (ગોકુળ લીલા, મથુરા લીલા દ્વારકા લીલા, દસમસ્કંદ)	૦—૦
સુરેખા હરણ (વલ્લભ કૃત)	૦—
લવસાર સંગ્રહ,	૦—૧
મત્સ્યવેધ (વલ્લભ કૃત.)	૦—
પાંડવોની ભાંજગડ.	૨—૦
જાલંધર આખ્યાન (રેવાશંકર કૃત)	૦—૨
અંગદવીષ્ટિ.	૦—૨
તુળસીવીવાહ	૦—૨
[illegible] આખ્યાન.	

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર,
પુસ્તકાલય અમદાવાદ.